
# માર્ટીન લુથરે દેવના બાળકોને બાઈબલ આપ્યું

**પ્રાર્થના :** વહાલા પ્રભુ કરોડો વિશ્વાસીઓમાં પ્રવેશેલા ખોટા સિદ્ધાંતો દૂર કરવા માર્ટીન લુથરે પોકારેલા બાઈબલના સત્યોને જીવનમાં ઉતારવા આ બાળકોની સહાય કરો.

શેતાન બાલે છે :




જ્યારે આપણે દેવના વચનના બદલે માનવરૂઢિઓ શીખવીએ છીએ ત્યારે શેતાન ખુશ થાય છે.

તમારી પાસે જે સમય હોય તે અને બાળકોની ઉંમરને લક્ષમાં રાખીને પ્રવૃત્તિઓ પસંદ કરો.

**માર્ક ૭ :૧-૧૩** ઉપરથી કોઈ મોટો બાળક કે સભાજન ઈસુએ ફરોશીઓને જે વાર્તા કહી તે કહે.

બાળકો **પૂછે :**

- ફરોશીઓ ધાર્મિક આગેવાનો હતા. દેવની આજ્ઞાને બદલે તેમણે શું શીખવ્યું ?
- આપણે શા માટે માણસોની આજ્ઞાઓને બદલે બાઈબલનું શિક્ષણ આપવું જોઈએ ?

બાઈબલના મહાન લડવૈયા માર્ટીન લુથરની વાર્તાનું **નાટક બનાવો :**

- સભાના આગેવાનની આ નાટક રજુ કરવા માટે મંજુરી લો.
- તમારે આ વાર્તાના બધા ભાગોનો ઉપયોગ કરવાનો નથી.
- મોટા બાળકો નાના બાળકોની તૈયારીમાં સહાય કરે.
- મોટા બાળકો અથવા સભાજન લુથર, હેલ્પર, અધિકારી અને ઉદ્‌ઘોષક ના પાત્રો ભજવે
- નાના બાળકો ખેડૂતો અને સૈનિકોના પાત્રો ભજવે.
- ઉદ્‌ઘોષક પોતાનો ભાગ વાંચે 'વહાલા પ્રભુ, કરોડો ખ્રિસ્તીઓમાં પ્રવેશેલા ખોટા સિદ્ધાંતો દૂર કરવા માર્ટીન લુથરે પોકારેલા બાઈબલના સત્યો જીવનમાં ઉતારવા આ બાળકોની સહાય કરો.

**ઉદ્‌ઘોષક** : 'લૂથર જર્મનીના કેથોલીક સાધુ હતા. આપણે તેમના વિશે બાઈબલમાંથી વાંચી શકતા નથી પણ ઈતિહાસના પુસ્તકોમાંથી જ વાંચી શકીએ છીએ કારણ કે બાઈબલ લખાયા પછી લાંબા સમય પછી તેઓ થઈ ગયા.


Martin Luther

**ખેડૂતો** : આજુબાજુ ચાલે જાણે પીધેલ હોય તેમ ચાલવું. કેટલાક પડી પણ જાય.

**હેલ્પર** : માર્ટીન લુથર કંઈ કરો. તમે અમારા પાળક છો. આ ખેડૂતો દારુ પીએ છે અને કાંઈક ખરાબ કરવાનો તેમનો ઈરાદો છે. તેનું કારણ ટેટઝેલ છે.

**લુથર** : (ગુસ્સાથી) ટેટઝેલ કોણ છે ?

**હેલ્પર** : ટેટઝેલ રોમથી આવ્યા છે તેઓ પોપને માટે સેંટ પીટરનું કેથેડ્રલ બાંધવા નાણાં લેવા આવ્યા છે. તે લોકોને સમજાવે છે કે જો તમે ઉદારતાથી પૈસા આપશો તો ચર્ચ તેમના બધા પાપની સંપૂર્ણ માફી બક્ષશે.

**લુથર** : ના ! લોકો પોતાનું તારણ પૈસાથી ખરીદી ના શકે ! દેવની કૃપા અને માફી સ્વર્ગમાંથી રોમના પોપ મારફતે આવતી નથી. હું આપણા ચર્ચના ઝાંપે એક વિરોધયાદી લખીને ટાંકીશ જેથી બધા તે વાંચી શકે. (તે લખતા હોય અને ઝાંપા પર ટાંકતા હોય તેવો અભિનય કરે).

**હેલ્પર** : તે કાગળ સામે જૂએ છે તે કહે છે, હું આમાનો એક શબ્દ પણ સમજી શકતો નથી. તે લેટીન ભાષામાં લખેલો છે.

**ઉદ્‌ઘોષક** : કોઈકે લુથરના વિરોધાત્મક કાગળની કોપી કરી અને તે છપાવી, આ કોપીઓ સમગ્ર યુરોપમાં ફેલાઈ ગઈ. હવે ચર્ચના અધિકારીએ પાછળથી લુથરને શું કહ્યું તે સાંભળો.

**અધિકારી** : (લુથરને કહે) 'રોમના પોપ કોપાયમાન છે. પવિત્ર રોમન સામ્રાજ્યના સમ્રાટ પણ સંદેશો મોકલે છે કે તમે જે લખ્યું છે તે બધું પાછું ખેંચી લો.'

**લુથર** : મેં જે લખ્યું છે તે બાઈબલ પ્રમાણે છે હું તે પાછું ખેંચી શકતો નથી.

**અધિકારી** : તો પછી પોપ તમને ચર્ચમાંથી બાકાત કરશે. અને જો તમે આવું કરવાનું ચાલુ રાખશો તો સમ્રાટ તમને સળગાવીની મારી નાખશે.

**લુથર** : ઈસુએ માર્ક ૭ :૬-૯માં જે કહ્યું છે તે સાંભળો, 'અને તેણે તેઓને કહ્યું કે તમે ઢોંગીઓ સંબંધી યશાયાહે ઠીક પ્રબોધ કર્યો છે જેમ લખેલું છે કે, આ લોક હોઠોએ મને માને છે, પણ તેઓના હૃદયો મારાથી વેગળા રહે છે. પણ તેઓ પોતાના મત દાખલ માણસોની આજ્ઞા શીખવતા મને વ્યર્થ ભજે છે. તમે દેવની આજ્ઞા પડતી મૂકીને માણસોના સંપ્રદાય પાળો છો.'

**ઉદ્‌ઘોષક** : સત્તાધિશોએ લુથરને સમ્રાટ હાજર હોય તેવી મીટીંગમાં હાજર રહેવાનું ફરમાન કર્યું.

**સૈનિકો** : લુથરના હાથ પકડીને અધિકારીઓ પાસે લાવ્યા.

**અધિકારી** : તમારા બધા લખાણોની કોપીઓ અમારી પાસે છે તમારે અત્યારે જ તે પાછું ખેંચી લેવાનું છે. જલ્દી !

**લુથર** : તમે પવિત્ર શાસ્ત્રમાંથી મેં જે લખ્યું તેની ભૂલ બતાવી ન શકો તો હું સત્યનો ઈન્કાર કરી શકતો નથી. હું અહીં ઊભો છુ પ્રભુ મારી સહાય કરો.

**સૈનિકો** : (બૂમો પાડે) 'તેને મારી નાખો' 'તેને જલાવી દો' 'તેની જીભ ખેંચી કાઢો' વિગેરે

**ઉદ્‌ઘોષક** : આ મુકદમા પછી લુથરના મિત્રોએ તેને એક કિલ્લામાં સંતાડી દીધો તેથી સમ્રાટ તેને મારી શક્યા નહિ.''

''ત્યાં તેમણે જર્મન ભાષામાં પ્રથમ વાર બાઈબલનું ભાષાંતર કર્યું.''

''બીજા દેશોના વિશ્વાસીઓએ લુથરનો નમૂનો લીધો અને શીખવવા લાગ્યા કે જેઓ ઈસુ પર વિશ્વાસ કરે છે તેઓને દેવ પ્રેમથી તારણ આપે છે. ''

''આ વાત યુરોપમાં ઝડપભેર પ્રસરી ગઈ અને સુવાર્તિક ચળવળનો જન્મ થયો.''



ગીશા. ૧૧૯ :૧૧ **મુખપાઠ કરો** 'હું તારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે.'

હૃદયની અંદર બાઈબલનું **ચિત્ર** બાળકો પાસે **દોરાવો.** ભજનસેવા વખતે બાળકો આ ચિત્રો રજુ કરે અને સમજાવે કે હૃદયમાં દેવનું વચન રાખવાનો ઉત્તમ માર્ગ તે મુખપાઠ કરવું તે છે.

ત્રણ બાળકો ગી.શા. ૧૧૯ :૯-૧૧ બોલી જાય.

જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ રાખી શકે ?

હું તારા વચન પ્રમાણે તેના વિષે સાવધ રહેવાથી

મેં મારા પૂર્ણ હૃદયથી તને શોધ્યો છે.

તારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તારું વચન મારા

હૃદયમાં રાખી મૂક્યું છે.

**માર્ક ૭ :૧-૨૩** ઈસુએ ફરોશીઓ સાથે દેવની આજ્ઞાઓને આધિન થવા વિશે અને આપણા મુખમાંથી નીકળતા શબ્દો શુદ્ધ હોવા  જોઈએ તે વિષે વાત કરી તેને લગતું ગીત કે ટૂકું નાટક **મોટા બાળકો** બનાવે.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, માર્ટીન લુથર અને બીજાઓને શીખવ્યું કે તમે અમારા પર પ્રેમ કરો છો માટે તમે અમને બચાવો છો . અમારા પોતાના કામો વડે અમે તારણ કમાઈ શકતા નથી. તેઓએ જે હિંમતભેર આ સત્ય કહ્યું તેવા હિંમતવાન થવા અમારી સહાય કરો.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net